દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ,
પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૪/૦૨/૨૦૨૬

# મુસાફરો માટે મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ 16મીથી શરૂ

ગાંધીનગર | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 જાન્યુઆરીના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલ એક્સટેન્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન બાદ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ વિસ્તૃત રૂટ પર મેટ્રોની વ્યાવસાયિક સેવા શુક્રવાર, 16 જાન્યુઆરી 2026થી શરૂ થશે. GMRC દ્વારા નવું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. આ સમયપત્રક દૈનિક મુસાફરો, સરકારી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર આવતા મુલાકાતીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. મહાત્મા મંદિર સુધી મેટ્રો સેવા શરૂ થતાં હવે મહત્વના સરકારી કચેરીઓ અને કાર્યક્રમ સ્થળો સાથે સીધી કનેક્ટિવિટી મળશે. નવા સમયપત્રકની ખાસ બાબત એ છે કે દરેક મેટ્રો કોરિડોરને અલગ રંગ આપવામાં આવ્યો છે, જેથી મુસાફરો માટે રૂટ ઓળખવો સરળ બનશે.